# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૨

:- suratdeo@gmail.com web :-www.suratdeo.or


જા.નં./મા-૨/૨૦૨૪ / 12080 તા.૦૬/૦૮/૨૦૨૪

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ,તમામ
જિ.સુરત

વિષયઃ- "નારી વંદન ઉત્સવ" ની ઉજવણી બાબત.
સંદર્ભઃ-કલેકટરશ્રી અને જિલ્લા મેજિસ્ટ્રેટ,સુરતનો પત્ર ક્રમાંક નંઃ મબઅ/ના.વં.ઉ/૨૦૨૪-૨૫ ૧૫૮૫ થી ૧૬૦૨ તા.૨૬/૦૭/૨૦૨૪

આ સાથે સામેલ કલેકટરશ્રી અને જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી,સુરતનો પત્ર અન્વયે મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા તા.૦૧/૦૮/૨૦૨૪ થી તા.૦૮/૦૮/૨૦૨૪ દરમ્યાન "નારી વંદન ઉત્સવ" ની ઉજવણીનું આયોજન બાબતે તમામ શાળાઓને જાણ તથા અમલ થવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

બિડાણ :- ઉકત પરિપત્રની નકલ

મહિલા અને બાળ વિકાસ વિભાગ
ગુજરાત સરકાર

सत्यमेव जयते

**જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી, સુરત**
બ્લોક-એ, પ્રથમ માળ, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
ફોન નં.૦૨૬૧- ૨૬૫૧૪૫૦
Email:- wco-wcd-sur@gujarat.gov.in

જા.નં/મબાઅ/ના.વ.ઉ/બેઠક/૨૪-૨૫/૧૫૨૫ થી ૧૫૪૩ તા.૨૪/૦૭/૨૦૨૪

પ્રતિશ્રી,
(૧) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જીલ્લા પંચાયત કચેરી, સુરત.
(૨) જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, સુરત ગ્રામ્ય.
(૩) નિયામકશ્રી, (DRDA) સુરત.
(૪) પ્રતિનિધિશ્રી, સુરત પોલિસ કમિશ્નર કચેરી, સુરત.
(૫) પ્રતિનિધિશ્રી, સુરત મહાનગરપાલિકા, સુરત.
(૬) જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરત
(૭) મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, સુરત.
(૮) જિલ્લા રોજગાર અધિકારીશ્રી, સુરત.
(૯) શ્રમ અને રોજગાર અધિકારીશ્રી, સુરત.
(૧૦) માહિતી નિયામકશ્રી, સુરત.
(૧૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરત.
(૧૨) કૃષિ અને પશુપાલન અધિકારીશ્રી, સુરત.
(૧૩) પ્રોગ્રામ ઓફિસરશ્રી (ICDS) ગ્રામ્ય,સુરત.
(૧૪) પ્રોગ્રામ ઓફિસરશ્રી (ICDS) શહેરી,સુરત.
(૧૫) મેનેજરશ્રી, જિલ્લા લીડ બેંક, સુરત.
(૧૬) જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રી,સુરત.
(૧૭) પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિભાગ,સુરત.

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી કચેરી, સુરત.
આવક નંબર :- 4408
તારીખ :-
સંખ્યા :-
સહી :-

**વિષય :-** "નારી વંદન ઉત્સવ" અંતર્ગત બેઠક બાબત.
**સંદર્ભ:-** (૧) કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી ગાંધીનગરનો પત્ર ક્રમાંક: WCDWW/0164/07/2024
(૨) માન.કલેકટરશ્રી, સુરતની તા.૨૪/૦૭/૨૦૨૪ ના રોજ નોંધ પર મળેલ મંજુરી.

ઉપરોક્ત વિષય અંનવ્યે જણાવવાનું કે, વંચાણે લીધા (૧) થી મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા રાજ્યની મહિલાઓને સામાજિક, આર્થિક, માનસિક અને શારીરિક રીતે સંપન્ન તથા સમાજમાં ગૌરવભેર આગળ વધે તે માટે રાજ્ય સરકાર દ્વારા વિવિધ આયોજન હાથ ધરવામાં આવે છે. સર્વાંગી વિકાસના મહત્વનાં પરિબળો જેવા કે સુરક્ષા, સ્વાવલંબન, કલ્યાણ અને સ્વાસ્થ્ય વગેરે ક્ષેત્રોમાં મહિલાઓ સક્ષમ થાય તે હેતુસર મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા તા.૦૧/૦૮/૨૦૨૪ થી તા.૦૮/૦૮/૨૦૨૪ દરમ્યાન "નારી વંદન ઉત્સવ" ની ઉજવણી કરવામાં આવનાર છે.

વંચાણે લીધા (૨) થી માન.કલેકટરશ્રી ની નોંધ પર મળેલ મંજુરી અંન્વયે "નારી વંદન ઉત્સવ"ના આયોજન બાબતે માન.કલેકટરશ્રી, સુરતના અધ્યક્ષ સ્થાને તા.૨૫/૦૭/૨૦૨૪ ગુરૂવારના રોજ સાંજે ૦૫-૩૦ કલાકે સભાખંડ, જિલ્લા સેવા સદન-૨, પાંચમો માળ, અઠવાલાઈન્સ, સુરત ખાતે બેઠક રાખવામાં આવેલ હોય, જેમાં આપને ઉપસ્થિત રહેવા તેમજ આ સાથે સામેલ સંદર્ભ પત્ર મુજબ આપના વિભાગનું આયોજન તેમજ સન્માનપાત્ર ૫ (પાંચ) મહિલાઓ કે, જેઓ (મહિલા ઉદ્યોગ સાહસિક મહિલાઓ/રમત-ગમત ક્ષેત્ર/સમાજીક આગેવાન /ખેતીવાડી અને ડેરી પશુપાલન ક્ષેત્રે આગવુ પ્રદાન આપનાર મહિલા/શિક્ષણ ક્ષેત્રે/લાભાર્થીઓ) આ સાથે સામેલ પરિશિષ્ટ-૧ મુજબની માહિતી સાથે હાજર રહેવા વિનંતી છે.

જિલ્લા મહિલા અને બાળ અધિકારી
સુરત

## પરિશિષ્ટ-૧

| ક્રમ | નામ | સરનામુ | મોબાઇલ નંબર | સિદ્ધિ મેળવેલ ક્ષેત્ર | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧ | | | | | |
| ૨ | | | | | |
| ૩ | | | | | |
| ૪ | | | | | |
| ૫ | | | | | |

વિભાગના વડાની સહી/સિક્કો

તારીખ

(મહિલા ઉદ્યોગ સાહસિક મહિલાઓ/રમત-ગમત ક્ષેત્ર/સમાજીક આગેવાન /ખેતીવાડી અને ડેરી પશુપાલન ક્ષેત્રે આગવુ પ્રદાન આપનાર મહિલા/શિક્ષણ ક્ષેત્રે/લાભાર્થીઓ)

**નોંધ :- ઉક્ત વિભાગોએ ફક્ત ૫ (પાંચ) નામ મોકલવાના રહેશે.**

ડો. સૌરભ પારધી IAS
કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ
સુરત

## કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત.

E-Mail- collector-sur@gujarat.gov.in
Contact : +91 261 2655151
2652525
Fax : +91 261 2655757
પાંચમો માળ, 'બી' બ્લોક,
જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઇન્સ,
સુરત-૩૯૫૦૦૧ (ગુજરાત)

મબઅ/ના.વં.ઉ/૨૦૨૪-૨૫ ૯૫૮૫ થી ૯૬૦૨ તા:૨૯/૦૭/૨૦૨૪

વંચાણે લીધું.:- કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગરનો ફાઇલ નં.WCDWW/NVU/e-file/260/2023/0466/yojna-2 તા.૨૩/૦૭/૨૦૨૪ નો પત્ર

**હુકમ :-**

ઉકત વંચાણ અન્વયે મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા તા. ૦૧/૦૮/૨૦૨૪ થી તા.૦૮/૦૮/૨૦૨૪ દરમ્યાન "નારી વંદન ઉત્સવ"ની ઉજવણી રાજ્ય તથા જીલ્લાઓ ખાતે કરવામાં આવનાર છે. જે બાબતે તા.૦૧/૦૮/૨૦૨૪ થી તા. ૦૮/૦૮/૨૦૨૪ દરમ્યાન જુદા-જુદા દિવસો મુજબના કાર્યક્રમના આયોજન માટેની રૂપરેખા ઉકત વંચાણ પત્રથી જાહેર કરવામાં આવેલ છે. ઉકત વિગતે જિલ્લામાં આયોજીત કરવાના થતા કાર્યક્રમોમાં જરૂરી વ્યવસ્થા માટે નીચેની વિગતે અધિકારીશ્રીઓને ફરજ બજાવવા આથી હુકમ કરવામાં આવે છે. સદર કામગીરી નોડલ અધિકારી મહિલા અને બાળ અધિકારીશ્રી,સુરત (મો.૯૨૨૭૮-૯૮૯૩૭)ના સંકલનમાં રહીને કરવાની રહેશે.

| ક્રમ | તારીખ અને દિવસ વિશેષ | નોડલ અધિકારીશ્રીનો હોદ્દો | સહ નોડલ અધિકારીશ્રી નો હોદ્દો | કાર્યક્રમની સંભવિત રૂપરેખા |
|---|---|---|---|---|
| 1 | 2 | 4 | 5 | 6 |
| 1 | ૦૧/૦૮/૨૦૨૪<br>મહિલા સુરક્ષા દિવસ | નાયબ જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી, સુરત | ૧) મહિલા અને બાળ અધિકારીશ્રી, સુરત<br>૨) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરત | • ઘરેલુ હિંસા અધિનિયમ ૨૦૦૫ અન્વયે જાગૃતતા સેમિનાર<br>• કરાટે/વ્યાયમ વગેરેમાં આગળ પડતી દિકરીનું સન્માન<br>• કરાટે અને સ્વ રક્ષણના વિવિધ દાવનું નિદર્શન પોલીસ દ્વારા શી-ટીમ વિશે જાગૃતિ<br>• મિશન શક્તિ અંતર્ગત ૧૦૦ દિવસ જાગૃતતા ડ્રાઇવ અંતર્ગત મહિલાઓ અને બાળકો સાથે સાઇબર ક્રાઇમ વિષય પર સંવાદ<br>• જિલ્લા કક્ષાએ મહિલા સુરક્ષા રેલી<br>ફોકસ ગ્રુપ: વિધાર્થીનીઓ, NSS cadet, SHE Team, મહિલા સુરક્ષા સમિતિના સભ્યો, તેમજ મહિલાઓ |
| 2 | ૦૨/૦૮/૨૦૨૪<br>બેટી બચાવો બેટી પઢાવો દિવસ | મહિલા અને બાળ અધિકારીશ્રી, સુરત | ૧) મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, સુરત<br>૨) બાળ સુરક્ષા અધિકારીની કચેરી,સુરત<br>૩) પ્રોગ્રામ ઓફિસરશ્રી, ICDS,કોર્પોરેશન, સુરત<br>૪) પ્રોગ્રામ ઓફિસરશ્રી, ICDS જિલ્લા પંચાયત | • મિશન શક્તિ અંતર્ગત ૧૦૦ દિવસ જાગૃતતા ડ્રાઇવ અંતર્ગત જેન્ડર સેન્સેટાઇઝેશન બેટી બચાવો બેટી પઢાવો વિષય પર વર્કશોપ/સેમિનારનું આયોજન<br>• શાળાઓમાં menstrual hygiene પર કિશોરીઓ સાથે સંવાદ<br>• Good touch bad touch તથા પોક્સો એક્ટ વિષય પર જાગૃતિ કાર્યક્રમ<br>• PC-PNDT Act અંતર્ગત જાગૃતિ કાર્યક્રમ<br>• દિકરી વધામણા કિટ અને વ્હાલી દિકરી મંજુરી હુકમ વિતરણ<br>• મેન્સ્ટ્રુઅલ હાઇજીન કિટ વિતરણ<br>ફોકસ ગ્રુપ: કિશોરીઓ, શાળાના બાળકો,માતાઓ, સમાજ ના આગેવાનો, નવ દંપતિઓ, વગેરે |
| 3 | ૦૩/૦૮/૨૦૨૪<br>મહિલા સ્વાવલંબન દિવસ | જિલ્લા રોજગાર અધિકારીશ્રી, સુરત | ૧) મહિલા અને બાળ અધિકારીશ્રી, સુરત<br>૨) ડીસ્ટ્રીક્ટ લાઇવલીહુડ મેનેજર જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, સુરત<br>૩) જનરલ મેનેજરશ્રી, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરત | • મહિલાઓ માટે રોજગાર મેળા (વિવિધ ઇંડસ્ટ્રીઝ એસોસીયેશન,GIDC/CSR/NGO માં સંકલનમાં)<br>• જિલ્લા કક્ષાએ ઉદ્યોગ સાહસિક મહિલાઓનું સન્માન (પાંચ મહિલાઓ)<br>• મહિલાઓ માટે રોજગારલક્ષી યોજનાઓની માહિતી<br>• શ્રમજીવી મહિલાઓના અધિકારો અને કલ્યાણકારી યોજનાઓની જાણકારી અંગે જાગૃતતા સેમિનાર યોજી શકાય<br>(ફોકસ ગ્રુપ: ઉદ્યોગ સાહસિક મહિલાઓ ) |

| | | | | |
|---|---|---|---|---|
| 4 | ૦૫/૦૮/૨૦૨૪<br><br>મહિલા નેતૃત્વ દિવસ | નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, સુરત | ૧) નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી,(પંચાયત) સુરત<br>૨) ડીસ્ટ્રીક્ટ લાઈવલીહુડ મેનેજરશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી,સુરત<br>૩)જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી,સુરત<br>૪) પશુપાલન અધિકારીશ્રી,સુરત<br>૫) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,સુરત<br>૬) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરત | • બાલિકા પંચાયતના સરપંચશ્રી તથા સભ્યો સાથે નેતૃત્વ અંગે સંવાદ / કાર્યક્રમ મહિલા સરપંચ/તાલુકા અને જિલ્લા કક્ષાએ સમાજમાં આગવું પ્રદાન કરનાર મહિલાઓનું સન્માન<br>• પંચાયતી રાજ અને સામાજિક અન્વેષણ વિષે સંવાદ.<br>• ખેતીવાડી ક્ષેત્રે અને ડેરી-પશુપાલન ક્ષેત્રે આગવું પ્રદાન આપનાર મહિલા ખેડૂતોનું સન્માન<br>• ખાસ મહિલા ગ્રામ સભા<br>(ફોકસ ગ્રુપ: સરકારી/બિન-સરકારી કચેરીમાં રચાયેલ આંતરિક ફરિયાદ સમિતિના સભ્યો) |
| 5 | ૦૬/૦૮/૨૦૨૪<br><br>મહિલા કર્મયોગી દિવસ | મહિલા અને બાળ અધિકારીશ્રી,સુરત | ૧) મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, સુરત | • કામકાજના સ્થળે મહિલાઓની જાતિય સતામણી અધિનિયમ ૨૦૧૩ જાગૃતતા સેમિનાર (POSH ACT અંતર્ગત સરકારી/બિન-સરકારી કચેરીમાં રચાયેલ આંતરિક ફરિયાદ સમિતિના સભ્યો સાથે)<br>• માનસિક સ્વાસ્થ્ય વિશે જાગૃતિ (પારિવારિક અને કામકાજ વચ્ચે સંતુલન)<br>( ફોકસ ગ્રુપ: સરકારી/બિન-સરકારી કચેરીમાં રચાયેલ આંતરિક ફરિયાદ સમિતિના સભ્યો) |
| 6 | ૦૭/૦૮/૨૦૨૪<br><br>મહિલા કલ્યાણ દિવસ | ૧)જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,સુરત<br>૨) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, સુરત | ૧)મહિલા અને બાળ અધિકારીશ્રી, સુરત<br>૨) જિલ્લા શ્રમ અને રોજગાર અધિકારીશ્રી, સુરત | • શિક્ષણ વિભાગના સંકલનમાં કન્યા શિક્ષણને પ્રોત્સાહિત કરતી યોજનાઓ તથા શ્રમ અને રોજગાર વિભાગના કૌશલ્ય વર્ધન કેન્દ્રો, મહિલા ITI કોલેજો અંગે વિષય નિષ્ણાંત દ્વારા સમજ<br>• મહિલા જાગૃતતા શિબિર<br>• વિવિધ હેલ્પલાઇનની કામગીરી તથા ડેમોસ્ટ્રેશન દ્વારા જાણકારી<br>• શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીનીઓનું જાહેર સન્માન<br>• શાળા, કોલેજની દીકરીઓ સાથે પોસ્ટર મેકિંગ, રંગોળી, નિબંધ સ્પર્ધા, વકૃત્વ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધાનું આયોજન<br>( ફોકસ ગ્રુપ: શાળા તથા કોલેજની વિદ્યાર્થીનીઓ) |
| 7 | ૦૮/૦૮/૨૦૨૪<br><br>મહિલા અને બાળ આરોગ્ય દિવસ | મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, સુરત | ૧)મહિલા અને બાળ અધિકારીશ્રી, સુરત<br>૨) પ્રોગ્રામ ઓફિસરશ્રી, ICDS,કોર્પોરેશન, સુરત<br>૩) પ્રોગ્રામ ઓફિસરશ્રી, ICDS જિલ્લા પંચાયત,સુરત | • કિશોરી મેળા<br>• રોગ નિદાન કેમ્પ (એનિમિયા, કોરોના, બુસ્ટર ડોઝ રસીકરણ, પેપ સ્મિયર ટેસ્ટ,આયર્ન ફોલિક એસિડ ટેબ્લેટ વિતરણ, સેનેટરી પેડ, બી.એમ.આઈ, હિમોગ્લોબિન તપાસ, આરોગ્ય તપાસ વગેરે)<br>• પૌષ્ટિક વાનગીઓનું નિદર્શન તથા THR માંથી આરોગ્યપ્રદ વાનગી માટે રસોઈ શો આંગણવાડી કેન્દ્રો ખાતે<br>• મહિલાઓ અને યોગ જાગૃતતા શિબિર<br>• મેન્સ્ટ્રુઅલ હાઇજીન કિટ વિતરણ<br>• જિલ્લા મથક ખાતે મહિલા અને બાળ આરોગ્ય જાગૃતિ રેલી<br>ફોકસગ્રુપ: મહિલાઓ, કિશોરીઓ, સગર્ભા, ધાત્રી માતા |

તેમજ ઉપરોક્ત "નારી વંદન ઉત્સવ"ની ઉજવણી તા.૦૧/૦૮/૨૦૨૪ થી તા.૦૮/૦૮/૨૦૨૪ સુધીના સમગ્ર કાર્યક્રમની બહોળી પ્રચાર-પ્રસાર બાબતની તમામ આનુસંગિક કાર્યક્રમ દરમિયાન ફોટોગ્રાફી,વિડીયોગ્રાફી હાથ ધરી કાર્યક્રમ પુર્ણ થયા બાદ ઇલેક્ટ્રોનિક અને પ્રિન્ટ મીડીયા મારફત યોગ્ય પ્રચાર પ્રસારની કાર્યવાહી નાયબ માહિતી નિયામકશ્રી,સુરતને કરવાની રહેશે.

સુરત "નારી વંદન ઉત્સવ" ઉજવણીના આયોજન મુજબના અધિકારીશ્રીઓએ સદર ઉત્સવ અંતર્ગત જુદા જુદા દિવસોની ઉજવણી કરી ઉજવણી કાર્યક્રમના જ દિવસે તેનો સંપુર્ણ અહેવાલ સાંજે ૫.૦૦ કલાક સુધીમાં મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરી, સુરતને સોફ્ટ કોપીમાં wco-wcd-sur@gujarat.gov.in ઈ મેઈલ આઇડી પર મોકલી આપવાનો રહેશે.

બિડાણ:-કાર્યક્રમની રૂપરેખા

જિલ્લા મેજિસ્ટ્રેટ અને કલેક્ટર,
સુરત

નકલ સવિનય રવાના:- (૧).માન.કમિશ્નરશ્રી,મહિલા અને બાળ વિકાસ વિભાગ, બ્લોક નં.૨૦,જુના સચિવાલય,ગાંધીનગર

પ્રતિ,
સંબંધિત અધિકારીશ્રી
................................................................
૨/- હુકમની અમલવારી થવા સારૂ.